# સુપર 8ની પહેલી મેચમાં હારથી ભારતનું ગણિત ખોરવાયું

**પહેલી** મેચમાં જ મળેલી હાર ભારત માટે નેટ રન રેટની નવી ચિંતા ઉભી કરશે

**સેમી** ફાઇનલ પ્રવેશ સંબંધે એક બે નહીં પણ ચાર સમીકરણ સમજવા જરૂરી

નવી દિલ્હી, તા. 23 : દક્ષિણ આફ્રિકા સામે 76 રનથી હાર્યા બાદ, હાલના તબક્કે ભારત સુપર 8 ગ્રુપમાં છેલ્લા સ્થાને છે, જેનો નેટ રન રેટ -3,800 છે. આ હારથી ભારત પોઈન્ટ ટેબલમાં પાછળ ધકેલાઈ ગયું છે. સેમિફાઈનલમાં પહોંચવા માટે, ભારતે હવે તેની બાકી રહેલી વેસ્ટ ઈન્ડીઝ અને ઝિમ્બાબ્વે સામેની બંને મેચ જીતવી પડશે. એક પણ હાર અથવા સાંકડી જીત પરિસ્થિતિને નેટ રન રેટ પર લટકાવી શકે છે.

દક્ષિણ આફ્રિકા સુપર 8 ગ્રુપ 1 માં બે પોઈન્ટ અને +3.800 ના નેટ રન રેટ સાથે આગળ છે, જ્યારે ભારત, એક મેચ હાર્યા પછી, શૂન્ય પોઈન્ટ અને -3.800 નેટ રનરેટ સાથે તળિયે સરકી ગયું છે. -3.800 નેટ રન રેટનો અર્થ એ છે કે ભારતે તેમની




આગામી બંને મેચો નોંધપાત્ર માર્જિનથી જીતવી પડશે. જો કે, બંને મેચ જીતવાથી પણ ભારતને સેમી ફાઈનલમાં સ્થાનની ગેરંટી આપતું નથી. ભારત સેમી ફાઈનલમાં કેવી રીતે પ્રવેશી શકે તેના માટે એક બે નહીં પણ ચાર સમીકરણ સમજવા જરૂરી છે.

### પહેલી મેચ પછી સુપર 8 ગ્રુપ 1નું પોઇન્ટ ટેબલ

| ટીમ | મેચ | વિજય | હાર | અનિર્ણિત | પોઈન્ટ | નેટ રન રેટ |
|---|---|---|---|---|---|---|
| વેસ્ટ ઇન્ડીઝ | 1 | 1 | 0 | 0 | 2 | 5.350 |
| દ.આફ્રિકા | 1 | 1 | 0 | 0 | 2 | 3.800 |
| ભારત | 1 | 0 | 1 | 0 | 0 | -3,800 |
| ઝિમ્બાબ્વે | 1 | 0 | 1 | 0 | 0 | -5.350 |

### સમીકરણ 1: દક્ષિણ આફ્રિકા તેની ત્રણેય મેચ જીતે અને ભારત બાકીની બે મેચ જીતે

ભારતે હવે વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વે સામેની બાકીની બંને મેચ જીતવી પડશે. ભારત 26 ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે સામે ટકરાશે અને ભારત 1 માર્ચે કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. જો ભારત બંને મેચ જીતે છે, તો તેના ચાર પોઈન્ટ થશે. આવી સ્થિતિમાં, જો દક્ષિણ આફ્રિકા તેની બાકીની બંને મેચ જીતે છે, તો તેના છ પોઈન્ટ થશે અને ટીમ સેમી ફાઇનલ માટે ક્વોલિફાય થશે. આવી સ્થિતિમાં, ભારતને સેમી ફાઇનલમાં પહોંચવા માટે ચાર પોઈન્ટ પૂરતા હશે કારણ કે અન્ય બે ટીમો વધુમાં વધુ બે પોઈન્ટ સુધી પહોંચી શકશે. સેમી ફાઇનલમાં પહોંચવા માટે આ સૌથી સરળ સમીકરણ છે.

### સમીકરણ 2 : નેટ રનરેટ રમતમાં આવતા અહીં સૌથી મોટી સમસ્યા

સૌથી મોટી સમસ્યા ત્યારે ઊભી થશે જ્યારે દક્ષિણ આફ્રિકા તેની બાકીની બે મેચોમાંથી ફક્ત એક જ જીતે અને વેસ્ટ ઇન્ડીઝ અથવા ઝિમ્બાબ્વે દક્ષિણ આફ્રિકાને હરાવે અને ભારત પોતાની બંને મેચ જીતે તો આવી સ્થિતિમાં, ત્રણ ટીમો 4-4 પોઈન્ટ સુધી પહોંચી શકે છે અને ત્યારે નેટ રન રેટ પર નિર્ણય લેવામાં આવશે. ભારતનો વર્તમાન નેટ રન રેટ (-3.800) ખૂબ જ નબળો છે, આ સ્થિતિમાં ભારતને બાકીની બંને મેચોમાં મોટી જીતની જરૂર પડશે. દક્ષિણ આફ્રિકાને ચોકર માનવામાં આવે છે અને ઝિમ્બાબ્વે અથવા વેસ્ટ ઇન્ડીઝ તેના માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

### સમીકરણ 3 : દક્ષિણ આફ્રિકા બાકીની બંને મેચ હારે છે, ભારત બંને જીતે

જો દક્ષિણ આફ્રિકા બાકીની બંને મેચ હારે છે, તો ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ બંનેને બે પોઈન્ટ મળશે, જ્યારે દક્ષિણ આફ્રિકા ફક્ત બે પોઈન્ટ સુધી મર્યાદિત રહેશે. આ સ્થિતિમાં, જો ભારત ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ બંનેને હરાવે છે, તો ટીમ ઈન્ડિયાને ચાર પોઈન્ટ મળશે. તો વેસ્ટ ઈન્ડિઝ આજની મેચ જીત્યું હોવાથી તેના ચાર પોઇન્ટ થશે અને તે પણ ભારત સાથે સેમી ફાઇનલ માટે ક્વોલિફાય થશે.

### સમીકરણ 4 : જો ભારત એક મેચ જીતે છે, તો રસ્તો મુશ્કેલ, પણ અશક્ય નહીં

જો ભારત પોતાની બાકીની બે મેચમાંથી ફક્ત એક મેચ જીતે છે, તો પરિસ્થિતિ વધુ જટિલ બનશે. આ સ્થિતિમાં દક્ષિણ આફ્રિકાએ તેની બંને મેચ જીતવી પડશે. ભારતનો વિજય વેસ્ટ ઇન્ડીઝ સામે હોવો જોઈએ. આવી સ્થિતિમાં, ભારત, વેસ્ટ ઇન્ડીઝ અને ઝિમ્બાબ્વે દરેકના 2-2 પોઈન્ટ હોઈ શકે છે. પછી, નેટ રન રેટ ફરી એકવાર નિર્ણાયક પરિબળ બનશે. આ સ્થિતિમાં, ભારતનું ભવિષ્ય સંપૂર્ણપણે અન્ય ટીમોના પરિણામો અને તેઓ મોટા માર્જિનથી જીતે છે કે નહીં તેના પર નિર્ભર રહેશે.

## કોચીંગ ટીમનો સંકેત : આઉટ ઓફ ફોર્મ એકાદ બેટ્સમેનને પડતો મૂકાશે

**ભારતીય** ટીમ થિંક-ટેન્ક ખરાબ ફોર્મમાં રહેલા ઓછામાં ઓછા એક બેટ્સમેનને પડતો મૂકવા અંગે ચર્ચા કરશે

**ટોપ** ઓર્ડરમાં ઘણાં બધા ડાબોડી બેટ્સમેનને ધ્યાને લેતા એકાદને બહાર રાખી સંજૂ સેમસનનો સમાવેશ થઇ શકે

અમદાવાદ, તા. 23 (PTI) : મુખ્ય કોચ ગૌતમ ગંભીરના સહાયકો રાયન ટેન ડોશે અને સીતાંશુ કોટકે સંકેત આપ્યો હતો કે ભારતીય ટીમ મેનેજમેન્ટ ત્રણ આઉટ-ઓફ-ફોર્મ બેટ્સમેનોમાંથી ઓછામાં ઓછા એકને પડતો મૂકી શકે છે અને ટોપ-ઓર્ડરમાં ઘણા બધા ડાબોડી બેટ્સમેનોને રમાડવાના તેના એકતરફી ટેમ્પલેટ પર ફરી વિચાર કરી શકે છે.

રવિવારે અહીં ટી-20 વર્લ્ડકપની સુપર એઈટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 76 રને હરાવ્યું હતું અને હવે બાકી રહેલી બંને મેચ જીતવી જ પડે તેવી સ્થિતિ છે, ત્યારે ટીમ મેનેજમેન્ટે અભિષેક શર્મા અને તિલક વર્માના પ્રદર્શન પર ફરીથી વિચાર કરવો પડી શકે છે.

બેટિંગ કોચ સીતાંશુ કોટકે ટીમ ખરેખર મુશ્કેલ સ્થિતિમાં છે એ હકીકત વિશે કોઈ શંકા ન રાખતાં કહ્યું હતું કે જો મુખ્ય કોચ અને ટીમ મેનેજમેન્ટને લાગે છે કે આપણે કંઈક અલગ કરવાની જરૂર છે, તો આપણે વસ્તુઓ અલગ રીતે કરીશું. ચોક્કસપણે હવે એક વિચાર આવે છે કે જો આપણે બદલવું હોય, તો આપણે શું બદલીએ અને કેવી રીતે બદલીએ. હવે આપણે એવા તબક્કે પહોંચી ગયા છીએ જ્યાં આપણે વિચારવાની જરૂર છે કે શું આપણે કંઈક અલગ કરવાની જરૂર છે કે સમાન સંયોજન સાથે વળગી રહેવું જોઈએ એવું કોટકે વાસ્તવિકતા સ્વીકારતા કહ્યું. ટેન ડોશે થોડા વધુ સ્પષ્ટ હતા જ્યારે તેમણે સ્વીકાર્યું કે સ્ક્વોડમાં કોઈ બેક-અપ સ્પેશિયાલિસ્ટ બેટ્સમેન નથી તે ખરેખર એક ચિંતા છે અને સંજુ સેમસન, તેના ખરાબ ફોર્મ છતાં, ફરીથી ટીમમાં આવી શકે છે.

કોટકે અભિષેક શર્મા અંગે કહ્યું હતું કે બેટિંગ કોચ તરીકે મારો આ અભિપ્રાય છે. તેને માહિતીથી લાદી દેવા કરતા, તેનું મન શાંત રાખવું વધુ સારું છે. કોઈપણ ખેલાડી માટે, આવો સમય આવે છે જ્યારે તે 3-4 મેચમાં સ્કોર ન કરી શકે અને તરત જ પાંચ લોકોને લાગે છે કે તેમની સલાહ જરૂરી છે.

## ઈંગ્લેન્ડ વિરુદ્ધ પાકિસ્તાન વચ્ચેની આજની મેચમાં સ્પિનરો પર ધ્યાન કેન્દ્રિત

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

પલ્લેકલ, તા. 23 (પીટીઆઇ) : ટી-20વર્લ્ડ કપમાં આવતીકાલે મંગળવારે સુપર આઠ મેચમાં જ્યારે ઇંગ્લેન્ડ અને પાકિસ્તાનની ટીમો સ્લો બોલરો માટે મદદરૂપ પીચ પર એકબીજા સામે મેદાને ઉતરશે, ત્યારે ધ્યાન સ્પિન બોલરો પર વધુ રહેશે. ઇંગ્લેન્ડની ટીમ હજુ સુધી પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકી નથી પરંતુ બે વખતની ચેમ્પિયન ટીમ વિજયના માર્ગે પાછી ફરી છે. ઇંગ્લેન્ડે સુપર આઠ તબક્કાની પહેલી મેચમાં શ્રીલંકાને 51 રનથી હરાવ્યું, જેના કારણે તેમનો નેટ રન રેટ પણ સુધર્યો અને તેઓ ટેબલમાં ટોચ પર પહોંચ્યા. શ્રીલંકા સામે ઓછા સ્કોરનો બચાવ કરતા, ઇંગ્લેન્ડના ખેલાડીઓએ પરિસ્થિતિને અનુરૂપ અનુકૂલન સાધ્યું. તેમના સ્પિનરોએ તેમનું કામ સારી રીતે કર્યું, જ્યારે ઝડપી બોલર જોફ્રા આર્ચર પણ ઉપયોગી રહ્યો. લેગ-સ્પિનર આદિલ રશીદ અને ડાબોડી સ્પિનર લિયામ ડોસને પણ વિકેટ લીધી. વિલ જેક્સે સારી ઓફ-સ્પિન બોલિંગ કરવા ઉપરાંત, જરૂર પડ્યે ઉપયોગી ઈનિંગ્સ પણ રમી છે, જેનાથી ઇંગ્લેન્ડને ઘણી વખત મુશ્કેલીમાંથી બચાવી શકાય છે. ઓપનર ફિલ સોલ્ટ શ્રીલંકા સામે શાનદાર ઈનિંગ્સ રમીને ફોર્મમાં પાછો ફર્યો, ટૂર્નામેન્ટમાં પહેલીવાર પાવરપ્લેની બહાર બેટિંગ કરી.

## કર્ણાટક અને જમ્મુ-કાશ્મીર વચ્ચે આજથી રણજી ટ્રોફી ફાઇનલ

હુબલી, તા. 23 : રણજી ટ્રોફીની આવતીકાલ મંગળવારથી અહીં શરૂ થઇ રહેલી ફાઇનલમાં પહેલીવાર પહોંચેલી જમ્મુ અને કાશ્મીરની કથા સમર્પણ અને લડાયક ભાવનાનું ઉદાહરણ છે પરંતુ ખિતાબ જીતવા માટે, આ છુપી શક્તિવાળી ટીમે આગામી પાંચ દિવસમાં આઠ વખતના ચેમ્પિયન કર્ણાટક સામે ચમત્કારિક પ્રદર્શન કરવું પડશે. કર્ણાટકને ફક્ત તેના ભૂતકાળના પ્રદર્શનને કારણે જ મજબૂત દાવેદાર માનવામાં આવતું નથી, પરંતુ સમયાંતરે મુખ્ય ખેલાડીઓની ઇજાઓ સામે ઝઝૂમવા છતાં, તેણે આ સિઝનમાં વિવિધ પરિસ્થિતિઓમાં સારું પ્રદર્શન કર્યું છે. રાજકોટમાં સૌરાષ્ટ્ર સામેની પહેલી મેચમાં ખરાબ શરૂઆત બાદ, કર્ણાટક મેદાન પર અને મેદાનની બહાર બંને જગ્યાએ મજબૂત પ્રદર્શન કરી રહ્યું છે.

## વેસ્ટઈન્ડિઝે ટી-20 વર્લ્ડકપ ઈતિહાસનો બીજો સર્વાધિક સ્કોર બનાવી ઝિમ્બાબ્વેને હરાવ્યું

**વેસ્ટઇન્ડિઝે** આ વર્લ્ડકપનો સર્વાધિક 254 રનનો સ્કોર બનાવી ઝિમ્બાબ્વે સામે 255 રનનો લક્ષ્યાંક મૂક્યો

**ઝિમ્બાબ્વે** 147 રને ઓલઆઉટ થતાં વેસ્ટઇન્ડિઝ 107 રને મેચ જીતીને રનરેટમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી

**શિમરોન** હેટમાયરે 34 બોલમાં 85 રનની તોફાની ઇનિંગ રમી, રોવમેન પોવેલે પણ અર્ધસદી ફટકારી

મુંબઈ, તા. 23 : ટી-20 વર્લ્ડકપના સુપર આઠ મેચમાં આજે સોમવારે શિમરોન હેટમાયરની તોફાની અર્ધસદી અને રોવમેન પોવેલની અડધી સદીની સાથે જ બંને વચ્ચેની શતકીય ભાગીદારીની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ટુર્નામેન્ટના ઈતિહાસમાં બીજો સૌથી મોટો



સ્કોર છ વિકેટે 254 રન બનાવીને મૂકેલા 255 રનના મૂશ્કેલ લક્ષ્યાંક સામે ઝિમ્બાબ્વે 147 રને ઓલઆઉટ થતાં વેસ્ટઈન્ડિઝે 107 રને જીત મેળવીને નેટ રનરેટમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી દીધી હતી.

રઝાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા બાદ વેસ્ટ ઈન્ડિઝે પાવર પ્લેમાં બે વિકેટે 55 રન બનાવ્યા હતા. હેટમાયરે તેને મળેલા બે જીવનદાનનો ફાયદો ઉઠાવીને પોતાની કેરિ.ર બેસ્ટ ઈનિંગ રમી, જેમાં 34 બોલમાં સાત છગ્ગા અને એટલા જ ચોગ્ગા સાથે 85 રન બનાવ્યા. આ ઉપરાંત, તેણે 35 બોલમાં 59 રન કરનારા રોવમેન પોવેલ સાથે ત્રીજી વિકેટ માટે 52 બોલમાં 122 રનની ભાગીદારી કરીને વેસ્ટ ઈન્ડિઝને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું.

### વેસ્ટઇન્ડિઝે ટી-20 વર્લ્ડકપના ઇતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો

ઝિમ્બાબ્વે સામેની આજની સુપર એઇટની મેચમાં મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝે ચાલુ ટી-20 વર્લ્ડકપનો સૌથી મોટો અને ટી-20 વર્લ્ડકપના ઇતિહાસમાં બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો છે. વેસ્ટઇન્ડિઝ શ્રીલંકાના સર્વાધિક 6 વિકેટે 260 રનના સ્કોરથી માત્ર છ રન છેટું રહી ગયું હતું. શ્રીલંકાએ 2007ના વર્લ્ડકપમાં કેન્યા સામે આ રેકોર્ડ સ્કોર કર્યો હતો.

**ટી-20 વર્લ્ડકપમાં સર્વાધિક ટીમ સ્કોરના રેકોર્ડ**

| ટીમ | હરીફ ટીમ | સ્થળ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| શ્રીલંકા | કેન્યા | જોહનીસબર્ગ | 260/6 | 2007 |
| વેસ્ટઇન્ડિઝ | ઝિમ્બાબ્વે | મુંબઇ | 254/6 | 2026 |
| આયર્લેન્ડ | ઓમાન | કોલંબો | 235/5 | 2026 |
| ઈંગ્લેન્ડ | દ. આફ્રિકા | મુંબઇ | 230/8 | 2016 |
| દ. આફ્રિકા | ઈંગ્લેન્ડ | મુંબઇ | 229/4 | 2016 |

### હેટમાયર ટી-20 વર્લ્ડકપમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારનારો વેસ્ટઇન્ડિયન બન્યો

મુંબઇ, તા. 23 : ટી-20 વર્લ્ડકપમાં ઝિમ્બાબ્વે સામે આજે વેસ્ટ ઇન્ડિઝ વતી શિમરોન હેટમાયરે 19 બોલમાં શાનદાર અડધી સદી ફટકારીને વેસ્ટઇન્ડિઝ વતી સૌથી ઝડપી અર્ધસદી ફટકારવાનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો. આ પહેલા તેણે આ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડ સામે રમતા વેસ્ટઇન્ડિઝ વતી 22 બોલમાં અડધી સદી ફટકારવાનો કરેલો રેકોર્ડ આ અર્ધસદીથી તૂટ્યો હતો.

**વેસ્ટઇન્ડિઝ વતી ટી-20 વર્લ્ડકપમાં ઝડપી અર્ધસદી**

| ખેલાડી | હરીફ ટીમ | સ્થળ | બોલ | વર્ષ |
|---|---|---|---|---|
| હેટમાયર | ઝિમ્બાબ્વે | મુંબઇ | 19 | 2026 |
| હેટમાયર | સ્કોટલેન્ડ | કોલકાતા | 22 | 2026 |
| ક્રિસ ગેલ | ઓસ્ટ્રેલિયા | દ ઓવલ | 23 | 2009 |

## ભારતે પોતાનો અહંકાર છોડીને પરિસ્થિતિઓ અનુસાર રમવું જોઈએ : ગાવસ્કર

**અતિ** આત્મવિશ્વાસ સાથે મેદાને ઉતરીને દરેક બોલ બાઉન્ડરી બહાર મોકલવાને બદલે પરિસ્થિતિ સમજવી જરૂરી : ગુજરાતમિત્રના કોલમિસ્ટ

અમદાવાદ, તા. 23 (પીટીઆઇ) : માજી દિગ્ગજ બેટ્સમેન અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરનું માનવું છે કે ભારતે દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી ટી-20 વર્લ્ડકપ મેચમાંથી પાઠ શીખવો જોઈએ અને પોતાનો અહંકાર છોડીને વધુ પડતા આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરીને દરેક બોલને બાઉન્ડ્રી લાઈનની બહાર મોકલવાને બદલે પરિસ્થિતિ અનુસાર રમવું જોઈએ.

ગાવસ્કરે જીઓ સ્ટારને જણાવ્યું કે ભારતીય બેટ્સમેનોએ બ્રેવિસ-મિલરની ભાગીદારીમાંથી શીખવાની અને આ અભિગમ અપનાવવાની જરૂર હતી . ભારતીય બેટ્સમેનોએ એવું ન કર્યું. તેઓ વધુ પડતા આત્મવિશ્વાસથી મેદાનમાં ઉતર્યા, દરેક બોલ પર હુમલો કર્યો અને વિકેટ ગુમાવી. દક્ષિણ આફ્રિકા રમતના દરેક વિભાગમાં ભારત કરતાં શ્રેષ્ઠ સાબિત થયું. ગાવસ્કરે કહ્યું, ભારતે દક્ષિણ આફ્રિકા પાસેથી કોઈ પાઠ શીખ્યો નહીં. ભારતીય બેટ્સમેનો ક્રીઝ પર આવ્યા અને દરેક બોલને બાઉન્ડ્રી લાઈનની ઉપરથી ફટકારવાનો પ્રયાસ કર્યો. ટી-20 ક્રિકેટ આ રીતે નથી રમાતું. તમારે વિરોધી ટીમ પાસેથી શીખવું જોઈતું હતું. જો તેઓ આટલી મુશ્કેલ પિચ પર સારો સ્કોર કરી શકે તો તમારે તમારા અહંકારને બાજુ પર રાખીને, તેમની ઈનિંગ્સનું વિશ્લેષણ કરીને પરિસ્થિતિઓ અનુસાર બેટિંગ કરવી જોઈતી હતી એવું તેમણે કહ્યું.

## સેન્ડપેપર ગેટ કાંડ પછી ઓસ્ટ્રેલિયા પહેલી વાર દક્ષિણ આફ્રિકા પ્રવાસે જશે

**ક્રિકેટ** સાઉથ આફ્રિકાએ જાહેર કરેલા શેડ્યુલ અનુસાર ઓસ્ટ્રેલિયન ટીમ ઓક્ટોબરમાં ત્રણ ટેસ્ટની સીરિઝ રમશે

જોહાનિસબર્ગ, તા. 23 : દક્ષિણ આફ્રિકા ક્રિકેટે 2026-27ના સ્થાનિક સિઝન માટે તેના વ્યસ્ત અને ઐતિહાસિક સમયપત્રકની જાહેરાત કરી છે. આ સિઝનમાં દક્ષિણ આફ્રિકા ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ અને ઈંગ્લેન્ડ જેવી મોટી ટીમોનું આયોજન કરશે, જેમાં કુલ આઠ ટેસ્ટ મેચ રમાશે. આ સિઝન ફક્ત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) માટે જ નહીં પરંતુ 2027 ના ODI વર્લ્ડકપની તૈયારીઓ માટે પણ મહત્વપૂર્ણ છે.




આગામી સિઝનની સૌથી મોટી ખાસિયત ઓસ્ટ્રેલિયાનો દક્ષિણ આફ્રિકા પ્રવાસ હશે. 2018ના સેન્ડપેપર ગેટ વિવાદ પછી બંને ટીમો પહેલીવાર દક્ષિણ આફ્રિકાની ધરતી પર ટેસ્ટ સીરિઝ રમશે. સીરિઝની પહેલી ટેસ્ટ ડરબનમાં 9થી 13 ઓક્ટોબરે રમાશે જ્યારે છેલ્લી ટેસ્ટ મેચ કેપટાઉનમાં 27-31 ઓક્ટોબર દરમિયાન રમાશે, જે ન્યુલેન્ડ્સના ઈતિહાસમાં સૌથી પહેલી ટેસ્ટ મેચ હશે. આ પહેલા ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા સપ્ટેમ્બરના અંતમાં ત્રણ મેચની વન ડે સીરિઝ પણ રમશે.

## ગુજરાતના જુડોકા રોહિત મજગુલે કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું

**રોહિત** મજગુલ છેલ્લી બે સીનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં એક પણ મેચ હાર્યો નથી

અમદાવાદ, તા. 23 (પીટીઆઈ) : ગુજરાતના રોહિત મજગુલે 66 કિગ્રાથી ઓછી વેઈટ કેટેગરીમાં નવી દિલ્હીમાં યોજાયેલી જુડો પસંદગી ટ્રાયલ્સમાં શાનદાર પ્રદર્શન કરીને આ વર્ષની કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું. બેસ્ટ ઓફ થ્રી ફાઈનલમાં, મજગુલે હરિયાણાના ગર્વિતને હરાવ્યો. ગીર સોમનાથ જિલ્લાના આદિવાસી ગામ તલાલાના રહેવાસી મજગુલે છેલ્લી બે સિનિયર રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં એક પણ મેચ હાર્યો નથી. રોહિત મજગુલે એક રીલિઝમાં જણાવ્યું કે કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય થવું મારા માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું છે. ટ્રાયલ્સમાં દરેક મુકાબલાએ મારી મર્યાદાઓની કસોટી કરી, પરંતુ મને મારી તાલીમ અને મારા કોચ પર વિશ્વાસ હતો.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | | ૮ | | ૪ | |
| | | | | | | | ૩ | ૭ |
| ૩ | | ૪ | | ૫ | ૧ | ૮ | | ૬ |
| ૭ | | | ૯ | | | | ૬ | ૩ |
| ૮ | ૪ | | | | ૩ | | ૧ | ૯ |
| | ૨ | | ૧ | | ૬ | | ૫ | ૮ |
| | ૯ | | | | | | ૨ | ૪ |
| ૨ | ૩ | | ૬ | ૪ | | ૯ | | ૧ |
| ૪ | ૧ | | | | ૨ | | ૭ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### તાવ અને જ્વરબિંદુ ચૂર્ણ

અતિવિષની કળી, સૂરોખાર અને ફૂલવેલ ફટકડી દરેક એક ભાગ અને સોનાગેરુ ચોથા ભાગે લઈ આશરે ત્રણ કલાક ખરલ કરવું. તેમાંથી એક ગ્રામ ચૂર્ણ મધ મા લેવાથી તાવ ઉતરે છે.

## આજનું પંચાંગ

**તા. 24/02/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ આઠમ:28:53, દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 05
**નક્ષત્ર** :કૃતિકા : 15:08
**યોગ** : ઐન્દ્રે **કરણઃ** વિષ્ટિ
**રાશિઃ** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:40
**નવકારસી :** 07:53
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 14મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળઃ** બપોરે : 15:30 થી 16:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણની તક મળે. સ્વપ્રયત્નથી નવી નોકરીની તક મળશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉપરી વર્ગ તથા વડીલોની મદદ મળે. અટકેલા કામમાં ગતિ આવે. સંતાનો અને સામાજિક કામમાં પ્રગતિ.

**મિથુન (ક,છ,ઘ,):** આધ્યાત્મિક પ્રવૃત્તિ ધર્મ, કર્મથી શાંતિ મળે. જીવનસાથીના આરોગ્યની સમસ્યા સતાવે.

**કર્ક (ડ,હ,):** પ્રેમ વિવાહની શક્યતા વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય.

**સિંહ (મ,ટ,):** સંપત્તિના સોદા પાર પડશે. ધંધામાં નવી યોજના બને. નોકરીમાં પ્રમોશન મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** પાર્ટી-પીકનીકનો આનંદ લઇ શકાય. વિદેશના કામમાં ગતિ આવે.ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ.

**તુલા (ર,ત,):** સંતાનોના વ્યવહાર પરેશાન કરે. કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. નોકરી-ધંધામાં આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. સાથે કામ કરનાર અને પ્રિયજનોનો સાથ મળવાથી રાહત.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખર્ચા વધશે. નોકરીમાં જવાબદારી વધે. હરીફોથી સાવધાન રહેવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** અટકેલાં નાણાં છૂટાં થાય. જૂના મિત્રોની મુલાકાત થાય. સરકારી કામમાં ગતિ આવે. સંતાન ચિંતા રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરી-ધંધા અને કુટુંબ-પરિવારનાં કામ અર્થે પ્રવાસ અનુકૂળ રહે. અચાનક ભાગ્યનો સાથ મળે.


**મીન (દ,ચ,ઝ,થ,):** કોઈના વિવાદમાં પડવું નહીં. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું.વ્યવહારમાં સભાન રહેવું.

### કોઈ પણ સાલમાં 24 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રગતિની સાથે નવા ફેરફારથી અનુકૂળતા અને જવાબદારી વધશે. નવા વેપાર-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. નોકરી ધંધા વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન, વારસા, જાયદાદ જમીન જેવાં કામ વર્ષો દરમિયાન પાર પડતા રહેશે. યાત્રા પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ મે તથા સપ્ટેમ્બર નવેમ્બરમાં શુક્ર શનિવાર અને 6,15, 24 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સફેદ અને ચમકદાર કલરનો ઉપયોગ કરતાં રહેવું. જુલાઈ-ઓગસ્ટમાં બુધવાર, 1,10,19, 28 તારીખ નવા કામમાં લેવાનું ટાળવું.ભૂરો અને ગ્રે રંગનો ઉપયોગ ટાળવો.

## શબ્દગુંફન - ૭૧૭૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. મળતાવડું (૫)
૪. ઝાંઝર, પાયલ (૩)
૬. નિકાસ, જાવરો (૩)
૮. ઝડપ, ચાલ (૨)
૯. ઘર, રહેઠાણ (૩)
૧૧. ઉપકાર (૨)
૧૨. પરાજય (૨)
૧૩. કેફ, ખુમારી (૨)
૧૪. ઘોડો (૨)
૧૬. વાચા, વાણી (૨)
૧૮. કપાળ, ભાલ (૩)
૨૦. પાણી પીવાની ઇચ્છા (૩)
૨૨. દાંત (૩)
૨૩. કાવ્યની રચના કરનાર (૨)
૨૪. અનુકરણ (૩)
૨૬. રડવા જેવું (૪)
૨૭. રસ્તો (૩)
૨૯. પરવાનગી (૨)
૩૦. આદમી, પુરુષ (૨)
૩૧. જનની, માતા (૧)
૩૨. નમેલું (૨)
૩૩. લોકમત (૪)

**ઊભી ચાવી**
૧. તિથિ, તારીખ (૨)
૨. રોકડું (૩)
૩. છુટ્ટી (૨)
૪. પ્રામાણિક (૨)
૫. માલિશ કરવું તે (૩)
૭. જંગલનું (૨)
૯. સરોવર (૨)
૧૦. મીઠું (૩)
૧૧. ઝાંઝર, નેપુર (૩)
૧૨. અવસ્થા, સ્થિતિ (૩)
૧૫. રસ્તો, રાહ (૨)
૧૬. મુકામ (૨)
૧૭. સીમા (૨)
૧૯. યોગ્યતા (૩)
૨૧. ચોળવું,ઘુંટવું (૪)
૨૨. સૂર્ય (૨)
૨૩. વ્યાયામ (૪)
૨૪. પર્વત (૨)
૨૫. આંટો,ફેરો (૩)
૨૮. આંખની કીકી (૩)
૩૦. નમેલું (૨)